તાસદીઠ માનદવેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવા અંગે

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૦૫/૨૦૧૯

**વંચાણે લીધા:-**

૧. શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
૨. શિક્ષણ વિભાગના તા.૦૨-૦૧-૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ
૩. શિક્ષણ વિભાગના તા.૧૫/૦૨/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ

**આમુખ:-**

પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજુર શિક્ષકોની જગ્યા સામે ખાલી જગા નિયમિત રીતે ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદવેતનથી(Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવાની યોજના વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ના વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાની મુદત પૂર્ણ થતાં વિભાગના તા.૦૨-૦૧-૨૦૧૮ના વંચાણે લીધા ક્રમાંક(૨)ના ઠરાવથી ૧ માસ સુધી અને તા.૧૫/૦૨/૨૦૧૮ના વંચાણે લીધા ક્રમાંક(૩)ના ઠરાવથી માર્ચ-૨૦૧૯ સુધી લંબાવવામાં આવેલ હતી. દરમિયાનમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ધ્યાને લેતાં આ જગ્યાઓ નિયમિત રીતે ન ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓના અભ્યાસને અસર ના થાય તે હેતુથી આ યોજનાની મુદત લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વિદ્યાર્થીઓના વ્યાપક હિતમાં રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકો સામે ખાલી જગ્યાઓ નિયમિત શિક્ષકોથી ના ભરાય ત્યાં સુધી તાસદીઠ માનદ વેતન (Honorarium Per

Scanned by CamScanner

Period)થી શિક્ષણ કાર્ય કરાવવા અંગેની નિયત કરવામાં આવેલ મુદત તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી લંબાવવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

આ યોજના માટે જરૂરી રકમની જોગવાઈ સને ૨૦૧૯-૨૦ના Modified Budgetમાં વિભાગને ફાળવાયેલ/ફાળવવામાં આવનાર બજેટ સીલીંગની મર્યાદામાં સંબધિત બજેટ સદર હેઠળ કરવાની રહેશે.

આ વિભાગના તા.૨૧-૧૨-૨૦૧૫ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૮/૦૫/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.એસ.પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના પ્રતિ:

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- વિભાગની સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર આ હૂકમ અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.

૧૨૫૫૮-૬૫૧

ક્રમાંક/માધ્ય/૨૫ન/ક્ષ-૧/૨૦૧૯/
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૩૦/૦૫/૨૦૧૯

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

નકલ માહિતી અને જરૂરી કાર્યવાહી અર્થે:

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના..
સંયુક્ત નિયામક હિસાબ, કાદર કચેરી
સંયુક્ત શિક્ષણ નિયામક (ઉ.મા.) કાદર કચેરી
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ

Scanned by CamScanner